# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-05-2025 Day: Thursday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## દિલ્હીમાં સર્વપક્ષીય બેઠક

ઓપરેશન સિંદૂરને ધ્યાનમાં રાખીને, સરકારે આજે નવી દિલ્હીમાં સર્વપક્ષીય બેઠક બોલાવી છે. તેમાં બધા જ રાજકીય પક્ષોના નેતાઓને ઓપરેશન સિંદૂર વિશે માહિતી આપવામાં આવશે. પક્ષની હરોળથી આગળ વધીને નેતાઓએ ઓપરેશન સિંદૂરની પ્રશંસા કરી છે અને આતંકવાદીઓ સામે સશસ્ત્ર દળોની કાર્યવાહી પર ગર્વ વ્યક્ત કર્યો છે. અગાઉ, પહેલગામ આતંકવાદી હુમલા પછી, દેશના તમામ રાજકીય પક્ષોએ સરકારના દરેક શક્ય પગલાને સમર્થન આપ્યું હતું.

-----------------------------------------------------------------------------------------

## મોકડ્રીલ

**કેન્દ્રિય ગૃહ મંત્રાલયે યુદ્ધ જેવી આપાતકાલીન પરિસ્થિતિઓનો સામનો કરવા માટે ગઇકાલે દેશમાં 244 જિલ્લાઓમાં નાગરિક સંરક્ષણ અભ્યાસનું આયોજન કરાયું હતું. ગુજરાતના 18 જિલ્લાઓમાં મોકડ્રીલ યોજાઇ હતી. કચ્છ જિલ્લાના ભુજ શહેરમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે, નલીયામાં રાજપૂત સમાજવાડી અને ગાંધીધામમાં કંડલા પોર્ટ ખાતે નાગરિક સંરક્ષણ મોકડ્રિલ યોજવામાં આવી હતી. આ મોકડ્રિલમાં હવાઈ હુમલાની ચેતવણી વખતે સ્વબચાવ, હવાઈ હુમલાના ઘાયલોની પ્રાથમિક સારવાર સાથે તેમનું સ્થળાંતર, બોમ્બ વિસ્ફોટથી ઈજાગ્રસ્ત નાગરિકોની સારવાર, આગના બનાવમાં રાહત બચાવની ત્વરિત કાર્યવાહી તેમજ કેમિકલ દૂર્ઘટનાઓ સામે રક્ષણ વગેરે બાબતોની સમજણ નાગરિકોને આપવામાં આવી હતી. કટોકટીની સ્થિતિમાં નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે મોકડ્રિલ એક મહત્વપૂર્ણ**

**રીત છે. મોકડ્રિલના આયોજનથી સરકારના વિવિધ વિભાગો, કચેરીઓ અને સંરક્ષણ દળો મજબૂત સંકલન થકી રાહત બચાવની ઉત્કૃષ્ટ કામગીરી કરી શકે છે.**

**આ મોકડ્રિલને સફળ બનાવવામાં નાગરિક સંરક્ષણ કચેરી, બી.એસ.એન.એલ, ડ્રિસ્ટ્રીક્ટ ડીઝાસ્ટર ટીમ, જિલ્લા હોમગાર્ડ કચેરી, એન.સી.સી, એન.એસ.એસ, માર્ગ અને મકાન વિભાગ, પાણી પુરવઠા, નગરપાલિકા, વનવિભાગ, આરોગ્ય વિભાગ, પીજીવીસીએલ, ફાયર વિભાગ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, આરટીઓ કચેરી, એસ.ટી., સમાજ સુરક્ષા કચેરી, પુરવઠા વિભાગ, રેડક્રોસ સહિત વિવિધ સંસ્થાઓ સહિત જિલ્લા વહીવટીતંત્રના વિવિધ વિભાગો જોડાયા હતા. મોકડ્રિલ બાદ કંઈ બાબતોની ખામી રહી તેની ચર્ચા કરીને આગામી સમયમાં કોઈપણ આપદાને પહોંચી વળવા માટે તમામ વિભાગોને માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું..**

---

## પોલીસના અધિકારી-કર્મચારીઓની રજા રદ્દ: એરપોર્ટ બંધ

**પાકિસ્તાન પર ભારતની એર સ્ટ્રાઇક બાદ ગુજરાત એલર્ટ મોડ પર આવી ગયુ છે ત્યારે ગુજરાત સરહદી રાજ્ય હોય અને પાકિસ્તાન સાથે તણાવ વધવાના કારણે ગુજરાત પોલીસના તમામ અધિકારી-કર્મચારીઓની રજા રદ્દ કરી દેવામાં આવી છે. ઉપરાત સુરક્ષાને ધયાને રાખીને રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ ત્રણ દિવસ તો ભુજ, કેશોદ, કંડલા, જામનગર એપોર્ટ પણ હાલ બંધ કરી દેવામાં આવયા છે. તો અમદાવાદ એરપોર્ટથી ઉડાન ભરતી ભુજ, જામનગર અને રાજકોટ જતી આવતી બધી ફ્લાઇટસ રદ કરી દેવાઇ છે. આ સાથે સુરક્ષાને પગલે બોર્ડર નજીકના વિસ્તારોમાં સુરક્ષાદળોએ ચેકિંગ પણ વધારી દીધું છે.** .

---

## વરસાદ

અપર એર સરક્યુલેશનની અસર હેઠળ રાજ્યના કેટલાક જિલ્લાઓ સાથે સતત ત્રીજા દિવસે કચછમાં પણ માવઠું જારી રહ્યું હતું. ગઇકાલે સવારથી જ ભારે ઉકળાટ બાદ સાંજે વાતાવરણમાં પલટા સાથે કચ્છના વિવિધ તાલુકામાં ઝાપટાંના પગલે માર્ગો પરથી પાણી વહી

નીકળ્યા હતા, જેના પગલે કેરી, દાડમ, ખારેક સહિતના બાગાયતી પાકોને નુકસાની થઇ છે. રાત્રે 9 વાગ્યે નખત્રાણા તેમજ આસપાસના ગામોમાં વીજળીના કડાકા ભડાકા અને વેગીલા વાયરા સાથે વરસાદ તુટી પડ્યો હતો. સતત 20 મિનિટ સુધી વરસેલા વરસાદના પગલે પાણી વહી નીકળ્યા હતા. આજે સવારે છ વાગ્યા સુધી છેલ્લા 24 કલાકમાં જિલ્લા કંટ્રોલરૂમ પરથી મળતી માહિતી મુજબ ભુજમાં 19 મીલીમીટર, મુન્દ્રામાં 10, માંડવીમાં 2, નખત્રાણામાં 30, ગાંધીધામમાં 2 મિલીમીટર કમોસમી વરસાદ પડ્યાના અહેવાલ છે.

હવામાન વિભાગે કચ્છમાં આગામી તા.12 સોમવાર સુધી અમુક વિસ્તારોમાં વરસાદ વરસવાની શક્યતા દર્શાવી છે. આજે ગુરૂવારે ઓરેન્જ તો સોમવાર સુધી યલો એલર્ટ અપાયો છે. વરસાદ શરૂ થવાની સાથે પવનની ગતિ વધીને 40થી 50 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

----------------------------------------------------------------------------------------

## એસએસસી પરિણામ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ ફબ્રુઆરી-માર્ચ 2025માં યોજાયેલ ધોરણ 10 એસએસસી **અને સંસ્કૃત મધ્યમા પરીક્ષાનું પરિણામ બોર્ડની વેબસાઇ પર આજે સવારના 8 કલાકે જાહેર કવરામાં આવશે. આ વચ્ચે વિદ્યાર્થીઓ તેઓનું પરિણામ પરીક્ષાનો બેઠક ક્રમાંક ભરીને મેળવી શકશે. વિદ્યાર્થીઓએ વોટસએપ નંબર 63573 00971 પર પણ પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે.**

----------------------------------------------------------------------------------------

## જિલ્લા કંટ્રોલરૂમ કાર્યરત

કચ્છની સીમા પાકિસ્તાન સાથે જોડાયેલી હોવાથી જો યુદ્ધની નોબત આવે તો કચ્છમાં તમામ મોરચે સતર્ક રહેવું પડે તેમ હોવાથી ગઇકાલે ત્રણ સ્થળે મોકડ્રિલ, બ્લેકઆઉટ કર્યા બાદ કલેકટર કચેરીની ડિઝાસ્ટર મામલતદાર કચેરીમાં કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. ડિઝાસ્ટર

મામલતદાર શ્રી નિમામતે જણાવ્યું હતું કે, કન્ટ્રોલ રૂમમાં બે ટેલિફોન નંબર રાખવામાં આવ્યા છે. 02832-250 923 તથા 02832-252347 કાર્યરત છે. કચ્છમાં આવા સમયે કોઇપણ નાગરિકોને જાણકારી આપવી હોય તો અથવા માહિતી આપવી હોય તો આ નંબર પર આપી શકે છે. કોઇ મૂંઝવણ હોય તો માર્ગદર્શન પણ મળી શકશે..

---------------------------------------------------------------------------------------